# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 1/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એકતાનગર ખાતે આજથી ભારત પર્વ 2025નો પ્રારંભ કરાવશે.**
2. **રાજ્યભરમાં આજથી મતદારયાદી SIR ઝુંબેશ શરૂ, 7 ફેબ્રુઆરીએ આખરી મતદાર યાદી જાહેર થશે.**
3. **અંત્યોદય અને NFSA લાભાર્થીઓ આવશ્યક ચીજ વસ્તુઓના લાભથી વંચિત ન રહે તે માટે આજથી વિતરણ.**
4. **કમોસમી વરસાદની પરિસ્થિતિને કારણે મોકૂફ રખાયેલી ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી હવે પછીની તારીખ ટૂંક સમયમાં જાહેર કરાશે.**
5. **અમદાવાદમાં 34 મી જી.વી માવલંકર શૂટિંગ સ્પર્ધાનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ઉદ્ઘાટન.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM PATEL EKTANAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એકતાનગર ખાતે આજથી ભારત પર્વ 2025નો પ્રારંભ કરાવશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રવાસન રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામિત પણ ઉપસ્થિત રહેશે. આગામી 15 નવેમ્બર સુધી યોજાનારા ભારત પર્વમાં એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવના ઉજાગર થશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

## (વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)

*(...... ભારત પર્વમાં જંગલ સફારી પાસે 45 ખાણીપીણીની હાટડી એક લાઇવ સ્ટૂડિયો કિચનનું આયોજન કરાયું છે. તેમાં વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશની વાનગીઓ પીરસવામાં આવશે. પ્રવાસન મંત્રાલય અને રાજ્યના પ્રવાસન વિભાગ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે સરદાર પટેલની 150-મી જન્મજયંતી નિમિત્તે ભારત પર્વ પહેલી વાર એકતાનગર ખાતે યોજાઈ રહ્યો છે. તેમાં ભારતની વિવિધ સાંસ્કૃતિક વારસા, પરંપરા અને કળાત્મક કૌશલ્યનું પ્રદર્શન યોજાશે. તેમજ દરરોજ સાંજે બે અલગ-અલગ રાજ્ય અનોખી પરંપરા અને કળાનું પ્રદર્શન કરશે.   15 નવેમ્બરે ભગવાન બિરસા મુંડા જયંતી નિમિત્તે વિશેષ પ્રસ્તુતિ પણ યોજાશે.*

*(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

---

# GUJARAT SIR

કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત સહિત કુલ 12 રાજ્યો માટે મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ શરૂ કરી છે. જે અંતર્ગત રાજ્યભરમાં આજથી મતદારયાદી SIR ઝુંબેશ શરૂ થઈ છે. 4 નવેમ્બરથી  BLO ઘરે-ઘરે ફોર્મ ભરાવા આવશે. સાથે જ 7 ફેબ્રુઆરીએ આખરી મતદારયાદી જાહેર કરાશે.

અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારીએ રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. જેમાં સમગ્ર પ્રક્રિયા સાથે રાજકીય પક્ષોને માહિતગાર કરીને સહકાર આપવા માટે કહેવાયું. 9 ડિસેમ્બરે હંગામી મતદારયાદી પ્રસિદ્ધ કરાશે. જેમાં 9 ડિસેમ્બરથી 8 જાન્યુઆરી સુધી સુધારા માટેનો દાવો મતદારો કરી શકશે.

આણંદ જિલ્લા કલેકટરે મતદાન સઘન સુધારણા કાર્યક્રમ અંતગર્ત બેઠક યોજી જણાવ્યું કે મતદાન સઘન સુધારણા કાર્યક્રમ માં નાગરિકોએ 4 નવેમ્બરથી 4 ડિસેમ્બર દરમિયાન યોજાનાર આ પ્રક્રિયામાં સહયોગ આપવા અનુરોધ કરાયો હતો.

---

## MANOJ KUMAR DAS -MUKHY SACHIV

રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે મનોજકુમાર દાસે ચાર્જ સંભાળ્યો હતો. વર્તમાન મુખ્ય સચિવ પંકજ જોશી સેવાનિવૃત થઈ રહ્યા છે , મનોજકુમાર દાસ 1990ની બેચના IAS અધિકારી છે. ચાર્જ સંભાળ્યા બાદ મનોજકુમારા દાસે કહ્યું કે , વિકસિત ભારત અને વિકસિત ગુજરાતના સંકલ્પને સિધ્ધ કરવાના તમામ પ્રયાસો કરાશે .

## બાઇટ- મનોજકુમાર દાસ, મુખ્ય સચિવ

---

## ANTYODAY NFSA DISTRIBUTION

અંત્યોદય અને NFSA લાભાર્થીઓ આવશ્યક ચીજ વસ્તુઓના લાભથી વંચિત ન રહે તે માટે આજથી રાજ્યભરમાં વિતરણ થશે.

નવેમ્બર-2025 માસ માટે આગોતરા આયોજનનાં ભાગરૂપે 75 લાખથી વધુ કુટુંબોની 3 કરોડ 25 લાખ જેટલી જનસંખ્યાને આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી કરવામાં આવી છે.

જે અંતર્ગત ઘઉં તથા ચોખાનું વિનામુલ્યે વિતરણ તથા રાજ્ય સરકારની યોજના હેઠળ રાહત દરે વિતરણ કરવામાં આવતી આવશ્યક ચીજ વસ્તુ જેમ કે તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાનાં ચલણ નોંધપાત્ર માત્રામાં જનરેટ થયેલ છે તથા તેના નાણાની ભરપાઈ પણ થયેલ છે. તથા બાકી રહેતા વાજબી ભાવના દુકાનદારો દ્વારા ચલણની પ્રક્રિયા પણ પ્રગતિ હેઠળ છે.

---

## TEKA NA BHAVE KHARIDI

ગુજરાતમાં ખરીફ-2025માં પ્રાઇઝ સપોર્ટ સ્કીમ હેઠળ મગફળી , મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે તમામ પ્રાથમિક પૂર્વ તૈયારીઓ પૂર્ણ કરવા માટે સંભવિત પહેલી નવેમ્બર , 2025ને ધ્યાને રાખીને સૂચનાઓ આપવામાં આવી હતી.

હાલની સ્થિતિએ ગુજરાતના વિવિધ જિલ્લામાં કમોસમી વરસાદની પરિસ્થિતિ ઊભી થઈ છે તેમજ કેટલાક જિલ્લામાં સામાન્યથી ભારે વરસાદ પણ નોંધાયો છે.

રાજ્યમાં સર્જાયેલી આ કમોસમી વરસાદની પરિસ્થિતિ , સંજોગો અને વાતાવરણને ધ્યાને લઈ ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદીનું આયોજન હાલ પૂરતું મોકૂફ રાખવામાં આવ્યું છે. ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી શરૂ કરવાની તારીખ આગામી સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે.

---

# STATE VEHICLE THIEF ARRESTED

રાજ્યભરમાં અનેક જગ્યાએ થયેલ વાહન ચોરી અને મોબાઈલ ચોરીના ગુના આચરનારની ધરપકડ કરાય છે. અમદાવાદ અને ગાંધીનગરમાં વાહન ચોરીના સંખ્યાબંધ ગુના આચરનાર આરોપીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં વાહન ચોરીના 10 ગુનાનો ભેદ ઉકેલાયો અને 32 વાહનો કબજે કરવામાં આવ્યા છે.

તો સાથે પંચમહાલ જિલ્લામાં 6 લાખ 87 હજાર રૂપિયાથી વધુની કિંમતના ચોરી કરાયેલા 41 મોબાઈલ ફોનને શોધી લાવવામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. આ બધા મોબાઈલ ફોન તેમના મૂળ માલિકોને "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત પરત કરવામાં આવ્યા . ટેક્નિકલ તપાસથી મળેલી આ સફળતા માટે અરજદારોમાં પણ ખુશી છે.

---

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં માટે રાજ્યમાં વરસાદને લઈને આગાહી કરાઈ છે. સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રમાં ગીર સોમનાથ , દીવ, અમરેલી અને ભાવનગર માટે ઓરેન્જ એલર્ટ અપાયું છે, જેમાં અતિ ભારે વરસાદની આગાહી છે.

ભરૂચ અને સુરત સહિત ગુજરાતના ઘણા વિસ્તારોમાં આગામી ત્રણ દિવસ ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી અપાઈ છે. હવામાન વિભાગ અનુસાર , દક્ષિણ ગુજરાત માટે યેલો એલર્ટ અપાયું છે, જ્યાં ભારે વરસાદની પણ આગાહી છે.

અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને, માછીમારોએ સતર્ક રહેવું જરૂરી છે.

## બાઇટ- પ્રદિપ શર્મા

---

## DY CM HARSH SANGHVI SHOTTING OPNING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ મિલિટરી એન્ડ રાઇફલ ટ્રેનિંગ એસોસિએશન ખાતે 34મી જી.વી. માવલંકર શૂટિંગ સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું.

13 નવેમ્બર સુધી યોજાનારી આ રાષ્ટ્રીય સ્પર્ધામાં દેશભરના 4 હજાર 600થી વધુ શૂટરો ભાગ લેશે. જેમાં જમ્મુ-કાશ્મીરથી લઈને અંદમાન-નિકોબાર સુધી અને ગુજરાતથી લઈ મણિપુર સુધીના ખેલાડીઓ હશે. આ સ્પર્ધામાં 10 મીટર, 25 મીટર અને 50 મીટર પિસ્ટલ સ્પર્ધાનો સમાવેશ કરાયો છે.

શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું કે , આજે ગુજરાત ખેલકૂદ ક્ષેત્રે દેશભરના ખેલાડીઓના સપના સાકાર કરવા સજ્જ થઈ રહ્યું છે , કેન્દ્ર સરકારના સહયોગથી ગુજરાતમાં સ્પોર્ટ્સ ક્ષેત્રે અનેક સુવિધાઓનું નિર્માણ થયું છે. આ સ્પર્ધાની શરૂઆત નેશનલ રાઇફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા ( NRAI) દ્વારા 1991માં કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ 10મી વાર આ ચેમ્પિયનશિપની યજમાની કરી રહ્યું છે.

---

# SOMNATH SARDAR PATEL

અખંડ ભારતના શિલ્પી અને સોમનાથ મંદિરના પુનઃનિર્માણના સંકલ્પકર્તા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે સોમનાથ ટ્રસ્ટ પરિવાર દ્વારા શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

સોમનાથ ટ્રસ્ટ પરિવાર સહિત જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ સોમનાથ ખાતે સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને શાસ્ત્રોક્ત શ્લોકોચ્ચાર સાથે પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.

## બાઈટ - વિજયસિંહ ચાવડા,જનરલ મેનેજર સોમનાથ ટ્રસ્ટ

---

# ANANAD SP UNI SARDAR PATEL JAYANTI UJAVANI

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી અને આણંદ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે સરદાર સ્મૃતિ યાત્રા સહિત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સરદાર વલ્લભભાઈ પટેલના વિચારો વિદ્યાર્થીઓ અને લોકોમાં પહોંચે એ ધ્યેય સાથે આયોજિત કાર્યક્રમમાં સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ તંત્ર અને સરદાર પટેલ યુનિવર્સિટીના સૌ કર્મચારીઓ સહિત નગરજનો સહભાગી થયાં હતા.એસ પી યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર

ડો.નિરંજન પટેલે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલ યુનિવર્સિટી માટે સરદાર સાહેબનું જીવન માત્ર પ્રેરણાસ્ત્રોત નથી, પણ માર્ગદર્શક દીવાદાંડી છે.

# બાઇટ- ડો. નિરંજન પટેલ, વાઇસ ચાન્સેલર , એસ પી યુનિ.

---